સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

બેફામ બોલે છે બધા પ્રધાનો, અંકૂશ કોનો છે?
ચરી ખાય પોતાના ખેતરમાં, અંકૂશ કોનો છે?
કાયદા કેદ ને ન્યાયને નચાવે, અંકૂશ કોનો છે?
વાત વાતમાં ભરાવે શીંગડાં, અંકૂશ કોનો છે?

પ્રજા-કાયદા
માઓ-નક્ષલીઓ -
અંકૂશ મુક્ત

મૉંઘવારી, ને
ખાયકીનાં કૌભાંડ
અંકૂશ મુક્ત

(સરકારની 'અંકૂશ-મુક્તિ' નીતિ)

ચિંતન

સત્યંજય શૂર્પવત્ દોષાન ગુણાન ગૃહ્ણાતિ પંડિત ।
દોષ-ગ્રાહી, ગુણત્યાગી પલ્વોલીવ હિ દુર્જન ॥

'સજ્જન લોકો સૂપડાં જેવા હોય છે. સારી વસ્તુ પોતાની પાસે રાખે છે, ગુણ ગ્રાહી છે અને હલકાં-ફોતરાંને ફેંકી છે. જ્યારે દુર્જન લોકો ચાળણી જેવા હોય છે. દોષગ્રાહી-ખરાબ વસ્તુ કચરો-કાંકરા રાખીને સારી વસ્તુ કાઢી નાખે છે.'

સારા માણસોની દૃષ્ટિ હકારાત્મક હોય છે. એ ગમે તેવા દુર્જન-દુષ્ટ માણસમાં પણ કંઇ સારું તત્ત્વ-આવડત-સદ્ગુણ હોય તેની નોંધ લે તેના દુર્ગુણ તરફ નજર નથી રાખતા આથી આ શ્લોકમાં સજ્જન ને 'સૂપડાં' જેવા કહ્યા છે. સૂપડાંમાં નાખી અનાજ કે કોઈ પણ મસાલા 'સાફ' કરવામાં આવે છે ત્યારે સારું અનાજ સૂપડાંમાં જ રહી જાય છે અને હલકું-ફોતરાં-કચરો સૂપડાંની બહાર ફેંકાઇ જાય છે.

જ્યારે દુર્જન લોકો ભૂલવા જેવી, નાની નાની વાત હૃદયમાં રાખી તેને શંકા-વહેમનું ખાતર નાખી પોષણ આપે છે અને દોષોને જ ખૂબ મહત્ત્વ આપે છે. સારા કામની નોંધ લેતાં નથી એવા લોકોને આ શ્લોકમાં 'ચારણી' જેવા કહ્યા છે ચાળણીમાંથી લોટ-સારી બાબતો નીકળી જાય છે અને થૂલું-કચરો-કાંકરી ચાળણીના હૃદયમાં જ રહી જાય છે. સાચવી રાખે છે.

સુવિચાર

- જે સમાજમાં નવાસું ટકા લોકો લકવાગ્રસ્ત હોય એવા સમાજ જેને લકવા ન હોય એવા સ્વસ્થ લોકો નાની નાની વાતે પણ સજા ભોગવતા રહેવું પડે છે અને એ જ સાચી સહાદત છે - ગુણવંત શાહ
- શંકા રાખી બરબાદ થવા કરતાં વિશ્વાસ રાખી લૂંટાઇ જવું વધારે સારું - શરદ બાબુ
- તમે જે કામ જેટલું શાંતિ અને સ્વસ્થતાપૂર્વક કરશો એટલે વધારે સારું અને અસરકારક થશે - માતાજી
- ઇંટ-પથ્થરના મંદિરને સ્વચ્છ રાખવા કરતાં તમારું હૃદય મંદિર સ્વચ્છ રાખો - સાધુ વાસવાણી
- કેટલાંક લોકોને સર્જનહારે ભૂલથી દિમાગ આપી દીધાં છે બાકી તેમને તો માત્ર ક્રોડરજ્જુ જ પૂરતી છે - આઇનસ્ટાઇન
- હતાશામાં સ્વસ્થતા રાખવાનો સરળ રસ્તો એ છે કે સંબંધીઓમાં આશા રાખો જ નહીં - ક.મા.મુનશી
- ચિત્તની શાંતિ એટલે જ સાચી મુક્તિ - રમણ મહર્ષિ

બોધકથા

માણસની આંખ, માણસના અંતઃકરણનો તરત પડઘો પાડે છે માણસના સુખ-દુઃખ, આનંદ-ઉત્સાહ, આશા-નિરાશા, પ્રેમ-ધિક્કાર બધું જ આંખ બોલ્યા વિના જાહેર કરતી હોય છે, માણસ અનુભવી અને નિરક્ષર ન હોય તો સરળતાથી વાંચી-સમજી શકે છે.

માર્ક ટવેઇન સારા હાસ્યલેખક, ચિંતક અને વક્તા હતા. એક વાર એમની મંડળી સાથે આનંદની ક્ષણોમાં બેઠા હતા, એવામાં એક અજ્ઞાત આવ્યો એમની સાથે બેઠો-એ સમજી ગયો કે આ વિદ્વાનોનું મંડળ છે. 'એણે કહ્યું, મારી એક આંખ નકલી છે.' તરત એક ધનિક મિત્રએ જાહેરાત કરી કે જે મિત્ર પરીક્ષા કરીને કંઇ આંખ નકલી છે એ કહી શકશે તેને એકસો પાઉન્ડનું ઇનામ હું આપીશ..

બે મિત્રો એ અનુમાનથી એક આંખ વિશે કહ્યું, પણ એ આંખવાળો મૌન રહ્યો પછી માર્ક ટવેઇનનો વારો આવ્યો, એણે એક અનાથ દીકરીની કરૂણ વાર્તા કહેવાનું શરૂ કર્યું, જાતે પણ રડી પડ્યા, અને પેલાની એક આંખમાંથી અશ્રુ ટપકતાં જોઇ 'નકલી આંખ' ના નિર્ણય આપ્યો.

સો પાઉન્ડનું ઇનામ જિત્યા અને પચાસ પાઉન્ડ પેલા નકલી આંખવાળાને પણ આપ્યા.

બીજાનું દુઃખ જોઇ રડે એ જ સાચી આંખ.

જે વ્યક્તિ એમ કહે કે મેં મારી પત્ની યા પતિથી કરારનામા દ્વારા છૂટાછેડા લીધા છે અને એ છૂટાછેડાને એ વ્યક્તિ કાયદેસરમાં ફેરવવા ઇચ્છે તો એણે એ પુરવાર કરવાનું રહે છે કે એ એની પત્ની યા પતિ જે કોમ યા જાતિના છે, એમાં વર્ષોથી કરારનામા દ્વારા લગ્નવિચ્છેદની પ્રથા ચાલુ છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

આજથી લગભગ ૧૫ વર્ષ પહેલાંની વાત છે. એક મહિલાએ યુ.કે.માં રહેતી એક વ્યક્તિ જોડે લગ્ન કર્યા હતા અને હવે એ લગ્નનાં આધારે એના પતિ જોડે યુ.કે.માં કાયમ રહેવા માટે એણે વિઝાની અરજી કરી હતી. આ સ્ત્રીના એ બીજા લગ્ન હતા. પહેલા લગ્નથી તેને એક બાળકી પણ હતી. જે ત્યારે લગભગ આઠ-નવ વર્ષની હશે. પહેલાં પતિથી લગ્નવિચ્છેદ કરારનામા દ્વારા છૂટાછેડા લીધા હતા. અને એ કરારનામામાં જ જણાવ્યું હતું કે એની દીકરી પર કબજો પોતાનો રહેશે. યુ.કે.નું ઇમિગ્રેશન ખાતું એ કરારનામાને માન્ય ગણતું ન હતું અને એમણે એવું ઠરાવ્યું હતું કે એ સ્ત્રીનાં પહેલાં લગ્નનો કાયદેસરનો અંત આવ્યો નથી આથી એના બીજા લગ્ન ગેરકાયદેસરના છે. ઉપરાંત તેની સગીર વયની બાળકીનો કબજો એની આગળ કાયદેસરનો છે એવા કોઇ પુરાવા નહોતા આથી એ એની બાળકીને એના પહેલા પતિ અને બાળકીનાં પિતાની સંમતિ સિવાય ભારત છોડીને પોતાની જોડે યુ.કે. લઇ જઇ ન શકે.

આ સ્ત્રીનું લગ્નવિચ્છેદનું કરારનામું છ વર્ષ જૂનું હતું અને ત્યાર બાદ એના પહેલાં પતિએ એની દીકરીને જોવાની દરકાર પણ કરી ન હતી અને એનો પહેલો પતિ ક્યાં છે એની જાણ આ સ્ત્રીને ન હતી. હવે શું કરવું? એ સ્ત્રીનાં પહેલાં પતિથી થયેલા છૂટાછેડા કાયદેસર ના ગણાય, એણે એનાં પહેલાં લગ્નનો લગ્નવિચ્છેદ કરાર દ્વારા કાનૂની રીતે અંત આણ્યો છે અને એ જ કરારનામામાં એની દીકરીની કસ્ટડી એને સોંપવામાં આવી છે એ કાયદેસર છે આ બધું કેવી રીતે પુરવાર કરવું?

એ સ્ત્રીએ અને એના પતિ વચ્ચે થયેલો લગ્ન વિચ્છેદનો કરાર કાયદેસરનો હતો પરંતુ એનાં લગ્ન જે દિવસે એ કરાર થયો હતો એ દિવસથી છૂટાછેડામાં પરિણમ્યો હતો. એ કારણે એનાં યુ.કે. નાં સીટીઝન જોડેના બીજા લગ્ન કાયદેસરના હતા. દાવામાં એ સ્ત્રીએ વધુમાં જણાવવું જોઇતું હતું કે પહેલાં લગ્નવિચ્છેદના કરારમાં એના પતિએ કબૂલ કર્યું હતું કે એમની બાળકીની કસ્ટડી એ સ્ત્રીની રહેશે અને એ કરારનામા ઉપર સહી કર્યા બાદ એના પતિએ એની બાળકીને મળવાનો પ્રયાસ સુધ્ધાં નહોતો કર્યો કે ન તો એને માટે ભરણપોષણ આપ્યું હતું. આથી એ પુરૂષે કરારનામા દ્વારા તેમ જ એના વર્તન દ્વારા એની દીકરી ઉપરથી પોતાનો હક્ક જતો કર્યો હતો એ એની કસ્ટડી પેલી સ્ત્રીની આપી હતી. આવું જણાવીને આ મતલબનો પણ ઓર્ડર એ કેસમાં માગવો.

> એ સ્ત્રીનાં પહેલાં પતિથી થયેલા છૂટાછેડા કાયદેસર ના ગણાય, એણે એનાં પહેલાં લગ્નનો લગ્નવિચ્છેદ કરાર દ્વારા કાનૂની રીતે અંત આણ્યો છે અને એ જ કરારનામામાં એની દીકરીની કસ્ટડી એને સોંપવામાં આવી છે એ કાયદેસર છે આ બધું કેવી રીતે પુરવાર કરવું?

પેલી સ્ત્રીનો પતિ ક્યાં હતો એની ખબર ન હોવાના કારણે એ છેલ્લે જ્યાં રહેતો હતો એ સરનામુ લખ્યા બાદ છાપામાં નોટીસ આપી એના એ દાવામાં એમણે એવી ડિક્લેટરી ડિક્રી પાસ કરી કે એ સ્ત્રી અને એના પતિની જાતિમાં કરારનામા દ્વારા છૂટાછેડા લેવાનો રિવાજ પ્રચલિત છે. આથી કોર્ટ એમની વચ્ચે થયેલાં લગ્નવિચ્છેદનાં કરારનામાને કાયદેસરનું ઠેરવે છે અને જે દિવસે એ કરારનામા ઉપર સહી થઇ હતી એ દિવસથી એમનાં લગ્નનો અંત આવ્યો છે. એવું જાહેર કરે છે. કોર્ટે માંગ્યા મુજબ એ સ્ત્રી આગળ એની બાળકી આગળ કાયદેસર કબજો છે એવું પણ જાહેર કર્યું. ત્યાર બાદ યુ.કે. કાયમી રહેવા માટેનાં વિઝા આપ્યા.

આ કિસ્સામાં મહિલા નસીબદાર હશે જેથી કોર્ટે એણે જે માગ્યો હતો એ મતલબનો ઓર્ડર આપ્યો, પણ જો તમે કોર્ટ આગળથી એવું જાહેરનામું માંગો કે તમે લગ્નવિચ્છેદ કરાર દ્વારા છૂટાછેડા લીધા છે અને એ કરારની તારીખથી તમારા લગ્નનો અંત આવ્યો છે તો તમારે કોર્ટને દેખાડી આપવું પડશે કે તમારી જ્ઞાતિમાં કરારનામા દ્વારા છૂટાછેડા લેવાનો રિવાજ પ્રચલિત છે. ઉપલ વર્ગ અને જ્ઞાતિઓમાં આવો રિવાજ પ્રચલિત નથી. હિન્દુઓમાં લગ્ન માટે અને છૂટાછેડા માટે વર્ષ ૧૯૫૫માં જે ખાસ ધી હિન્દુ મેરેજ એક્ટ ઘડવામાં આવ્યો છે એ પણ આ પ્રકારના છૂટાછેડા માન્ય રાખવા એવું દર્શાવે છે. આપણા સર્વોચ્ચ ન્યાયાલયે વર્ષ ૨૦૦૫ માં એમના એક ચુકાદામાં પણ આ પ્રકારનાં છૂટાછેડા લેવાની પ્રથા હિન્દુઓની અમુક કોમમાં છે અને એ વાતનો સ્વીકાર કર્યો છે પણ જે વ્યક્તિ એમ કહે કે મેં મારી પત્ની યા પતિથી કરારનામા દ્વારા છૂટાછેડા લીધા છે અને એ છૂટાછેડાને એ વ્યક્તિ કાયદેસરમાં ફેરવવા ઇચ્છે તો એણે એ પુરવાર કરવાનું રહે છે કે એ એની પત્ની યા પતિ જે કોમ યા જાતિના છે, એમાં વર્ષોથી કરારનામા દ્વારા લગ્નવિચ્છેદની પ્રથા ચાલુ છે. આ માટે એણે સૌપ્રથમ તો અન્ય વ્યક્તિનાં એમણે કરારનામું કયુ હોય એ પહેલાંના કરારનામા રજૂ કરવાના રહે છે. એમની કોમ યા જ્ઞાતિનાં વડાઓનો સોગંધનામાઓ જેમાં એમણે જણાવ્યું હોય કે એમની જ્ઞાતિમાં કરારનામા દ્વારા છૂટાછેડા દ્વારા જેમણે છૂટાછેડા લીધા હોય એ કરારનામા ઉપર સહી જે તે વ્યક્તિ પતિ કે પત્ની હોય અને એ સહી એમની રાજીખુશીથી અને જોરજુલ્મ કે કોઇ પણ પ્રકારના દબાણ વગર કરવામાં આવી છે એવું પણ પુરવાર કરવાનું રહે છે. કરારનામા ઉપર જે કોઇ વ્યક્તિએ વિટનેસ તરીકે સહી કરી હોય એવું પણ સોગંદનામું રજૂ કરવાનું રહે છે. એ કરારનામા ઉપર સહી વખતે અન્ય બીજે કોઇ પણ વ્યક્તિ હાજર હોય એમના સોગંધનામા પર રજૂ કરવાના રહે છે. આ બધું કરારનામા ઉપર સહીસિક્કા થયા બાદ વર્ષો પછી જ્યારે પુરવાર કરવાનું આવે છે ત્યારે ઘણી મુશ્કેલી ઉભી થાય છે.

સંદર્ભ : મુંબઇ સમાચાર

ચારણી સાહિત્ય સંશોધન ક્ષેત્રે વધુ એક પીંછું

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ચારણી સાહિત્ય કેવળ નાદ વૈભવનું નહિ પણ એક અર્થસભર રચનાઓવાળું સાહિત્ય છે. મહદ્અંશે ડિંગળીમાં હોવા છતાં કમશઃ! જે તે પ્રદેશના શબ્દોની અસર તેના પર થયેલી જોઇ શકાય છે. એટલે જ આજે ગુજરાતી ચારણી સાહિત્ય તરીકે તેણે નિજી વ્યક્તિત્વ ઉભું કર્યું છે. તેને પોતાનું પિંગળ છે. પિંગળમાંના છંદો કરતાં ડિંગળમાં ૬૪ જેટલા વધુ છંદો છે. જે અધિકાંશ જાંગડુ, સપાખરું, છપ્પય, દુહા, સોરઠા, સારસી, અર્ધગારાચ્ય જેવા છંદોમાં રચાયું છે. તેના ચોર્યાશી પ્રકાર છે. હાલનાં ગુજરાતી સાહિત્ય અગાઉ ગુજરાતમાં એનો પ્રવેશ થયેલો છે.

આ ચારણી સાહિત્ય એટલે દુહા-છંદની રમઝટ ફેલાવતું સાહિત્ય, એમાં વીરરસનાં કાવ્યો હોય, ઋતુકાવ્યો હોય, શક્તિ ઉપાસના અને પ્રકૃતિ વંદનાને કાવ્યો અને ખાંભીઓ ને બોલતી કરે તેવી વીરોની ગાથાઓ, લોકકથાઓ હોય તેના સર્જકો વિષે જાણવાનું પણ એટલું જ રસપ્રદ બની રહે. ત્યારે 'ચારણી સાહિત્યના સ્તંભો' પુસ્તક દ્વારા આવા સાહિત્યના નવ જેટલા સર્જકોની સર્જનયાત્રા અને પ્રદાન વિષેનું એક સુંદર પુસ્તક આપણને ચારણી સાહિત્યના અગ્રણી સર્જક શિવદાન ગઢવીએ આપીને સાહિત્યની ખરેખર ખુબ જ સેવા કરી છે.



ચારણી સાહિત્ય અંગે વાસ્તવિક તારણ રજુ કરતાં કનૈયાલાલ મુનશી તેને ઉત્તર કાલીન અપભ્રંશ ગુર્જર ગિરા તરીકે ગણાવી ચારણી સાહિત્યને તેનું સીધું વારસદાર ગણાવે છે. ડૉ. કુમારપાળ દેસાઇના જણાવ્યા મુજબ 'ચારણના કંઠે રહેલો તે લોકબાનીનો દસ્તાવેજ છે.' તો મેઘાણીએ કહેલું કે 'કવિતા એ ચારણ કવિનો વ્યવસાય કે વ્યવસાય ન હતો.'સંસ્કાર હતો. બાપ બેટાને તેના કંઠસ્થ કાવ્યો વારસામાં આપતો હતો. કવિ નાનાલાલે ઇ.સ. ૧૯૩૮માં એક જાહેર સભામાં સ્પષ્ટ જણાવેલું કે, 'ચારણો આર્યવ્રતની સંસ્કૃતિનાં રક્ષકો છે. તેમનાં રચેલ કાવ્યો જીવંત છે. તેઓ દેશદ્રોહીઓના જડબાં તોડનાર તોપનાં ગોળા હતા. પ્રમાદમાં સૂનાર ને નિદ્રામાંથી જગાડનાર ભાલાની અણીઓ હતા. તેઓ વીરપુરૂષોની તલવારની તીક્ષ્ણ ધારો હતા.'

ચારણી સાહિત્યને જીવંત રાખવા અને તેના જતન માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપ કુલપતિ ચંદરવાકર વિગેરેએ પણ ગૌરવભેર નોંધ્યું છે કે 'ચારણોએ ઇતિહાસના રખેવાળાં કર્યા છે.' ચારણી સાહિત્યનાં સંશોધક અનંતરાય રાવળે તેમના ગુજરાતી ભાષાના ઇતિહાસમાં લખ્યું છે કે, 'ચારણોએ કાયરોને કટાક્ષ ચાબખા અબોડવામાં સામાની બીક રાખી નથી.' દેશ નાયક કૃષ્ણકાંત માલવિયાએ ચારણોના મહાસંમેલનને સંબોધતાં જણાવેલું કે, 'ચારણો આર્યવ્રતની સંસ્કૃતિનાં રક્ષકો છે. તેમનાં રચેલ કાવ્યો જીવંત છે. તેઓ દેશદ્રોહીઓના જડબાં તોડનાર તોપનાં ગોળા હતા. પ્રમાદમાં સૂનાર ને નિદ્રામાંથી જગાડનાર ભાલાની અણીઓ હતા. તેઓ વીરપુરૂષોની તલવારની તીક્ષ્ણ ધારો હતા.'

ચારણી સાહિત્યને જીવંત રાખવા અનેતેના જતન માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપ કુલપતિ ડૉલરરાય માંકડે ઘણી જહેમત ઉઠાવી હજારો હસ્તપ્રતો એકઠી કરાવેલ છે. પુષ્કર ચંદરવાકર, રતુદાન રોહડિયા, શંકરદાન દેથા, માવદાનજી, પિંગળશીભાઈ લીલા વગેરેએ આ ક્ષેત્રે ઘણાં સંશોધનો કર્યા છે. આધુનિકોમાં ડૉ. બળવંત જાની, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, દોલત ભટ્ટ, નરોત્તમ પલાણ, વરદરાજ પંડિત, પિંગળશીભાઈ પાયક, અંબાદાન રોહડિયા, લક્ષ્મણભાઈ ગઢવી, કચ્છના ચારણી સાહિત્યને ઉજાગર કરનાર પચાણભાઈ આલગા અને ચારણ બંધુ સામાયિકના તંત્રી માધવસિંહભાઈનો તેમાં મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આ ક્ષેત્રે શિવદાનભાઇ ગઢવી એ ૧૯૮૫થી ૨૦૧૨ સુધીમાં ચારણી સાહિત્ય સંશોધનમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. તેમનાં કુલ ૩૨ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૦મી એપ્રિલ દાદા સાહેબ ફાળકેનો જન્મદિન

ભારતીય ચલચિત્ર ઉદ્યોગના પ્રણેતા, જેમના નામ સાથે ફિલ્મી કલાક્ષેત્રનો એવોર્ડ જોડાયેલો છે. તેવા ધૂંડિરાજ ગોવિંદ ઉર્ફે દાદા સાહેબ ફાળકેનો જન્મ તા. ૩૦-૪-૧૮૭૦.

૪૭ મૂંગી ફિલ્મો, બોલતી ફિલ્મોના દિગ્દર્શક કરનારા દાદા સાહેબે આર્થિક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી. ઇ.સ. ૧૯૪૪માં તેમનું અવસાન થયું.

- ફ્રેન્ચ વૈજ્ઞાનિક રોજન્ટે એક્સ-રેની શોધ કરી : ૩૦-૪-૧૮૯૫.
- શ્રી ઘનશ્યામભાઇ ઓઝાએ ગુજરાતમાં સૌ પ્રથમ 'ચક્ષુ બૅંક' અમદાવાદમાં ખુલ્લી મૂકી : ૧૯૭૩.
- ૩૦ એપ્રિલ ૧૯૭૭માં જનતા પાર્ટીની રચના થઇ.
- ખગોળ, ગણિતના પુસ્તકોના લેખક જાણીતા અનુવાદક કવિ હરિહર પ્રાણશંકર ભટ્ટનો જન્મદિન - ૧૮૯૫.
- આજનો દિવસ 'બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવાય છે.

દેવો મનમાં વિચારવા લાગ્યો કે મારા લગ્નની વાત જાહેર કરવી કે ગુપ્ત રાખવી શું કરવું તેની ચિંતામાં તે કાંઇ બોલી શક્યો નહિ એટલે મૌન થઇ ગયો

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૯)

- જયંતીલાલ મકવાણા

એક દિવસ દેવું સંધ્યાને ઘેર ગયોને ડૉરબેલ દબાવી 'ટ્રીન ટ્રીન.'

'સંધ્યાના મમ્મી ઉભા થયા બારણું ખોલ્યું ને પૂછ્યું.'

'કોણ, જોયું તો સામે એક યુવાન ઉભો હતો.'

'કોનું કામ છે?'

'સંધ્યા છે.'

'તમે ક્યાંથી આવો છો'

'હું સંધ્યા સાથે એમ.એ.માં છું.'

'આવો... આવો...'

'તમે સંધ્યાના મધર છો?'

'હા હું એની મમ્મી છું.'

'સંધ્યા ઘેર છે?'

'એને બે દિવસથી તાવ આવે છે એટલે સુતી છે.'

'સંધ્યાને તાવ આવે છે!'

'હા'

'કેટલા દિવસથી'

'બે દિવસથી એને બેચેની જેવું લાગતું હતું એટલે સુઇ રહેતી આશા એક દિવસ એની રૂપમાં ગઇ ને એના ગાલ પર હાથ મુકતા જોયું તો તેનું શરીર ગરમ હતું. તાવ વધારે હતો. આથી તાત્કાલિક એને દવાખાને લઇ ગઇ.'

'હવે કેમ છે?'

'આજે સારું છે પણ અશક્તિ બહુ છે.'

'એને સમાચાર આપોને કે તારી સાથે ભણતો દેવું આવ્યો છે.' દેવાએ કહ્યું.

સંધ્યાને સમાચાર મળતા તે સ્વસ્થ થઇ, આવીને કહ્યું, 'આવ... આવ... દેવા.'

'શું તાવ આવી ગયો?'

'હા, છેલ્લા બે-ત્રણ દિવસથી બેચેની જેવું રહેતાં ખાવુંપીવું ભાવતું નહીં ને તાવ આવી ગયો. દવા લીધી, તાવ ઉતરી ગયો પણ અશક્તિ બહુ છે.'

સંધ્યા અને દેવું વાતચીત કરતા ત્યા સંધ્યાના મમ્મી ચા-નાસ્તો લાવવા સંધ્યાએ કહ્યું, 'આજે તો મને સારું છે હું ચા બનાવી શકીશ.'

'ના બેટા, બે ત્રણ દિવસ પુરતો આરામ કરી લે. ચા પીતાં પીતાં દેવાએ કહ્યું,' સંધ્યા અડધો કપ તું લઇ લે.

'ના દેવા, તારે જ બધી ચા પીવી પડશે.'

'સંધ્યા તારી ચા લાવી જ છું. આ સાથે દવા લઇ લેને'

'ના મમ્મી, મને હવે સારું છે. મારે હવે ટીકડા નથી ગળવા સંધ્યા કોર્ષ તો પુરો કરવો જ પડે ને.'

'ના મમ્મી, મને પછી ખાવુંય ભાવતું નથી.'

'સંધ્યા દવાનો કોર્ષ તો પુરો કરવો જોઇએ ને!'

'એવું નથી દેવા, પરંતુ દવા કડવી બહુ છે.'

ચા પીતાં પીતાં દેવાએ કહ્યું, 'સંધ્યા સરકારી જાહેરાત આવી છે.'

'શેના માટે'

'નોકરી માટે'

'કયા વિભાગમાં'

'નારી કેન્દ્રમાં ઓફિસરોની ભરતી કરવાની છે.'

'તો તો પછી આજે જ ફૉર્મ ભરી દઇએ.'

'જો, આ રહી જાહેરાત' છાપામાં આવેલ જાહેરાતનું પાનું સંધ્યાના હાથમાં આપતાં કહ્યું 'વર્ગ બેની જાહેરાત છે.'

'નોકરી માટે જાહેરાત આવી છે?' સંધ્યાના મમ્મીએ પૂછ્યું.

'હા, માસી' નોકરી માટેની જાહેરાત છે વળી છોકરીઓ માટે અનામત જગ્યા છે.

'સંધ્યા, અનામત જગ્યા હોય તો તું ફૉર્મ ભરી દ જે, ભગવાન કરે ને નોકરી મળી જાય તો સારું ને.'

'હા, માસી, સંધ્યા હોંશિયાર છે એટલે નોકરી મળી પણ જાય' દેવાએ કહ્યું.

'અરે, લાગે તો તીર નહિ તો તુક્કો' સંધ્યાના મમ્મીએ કહ્યું.

'ના... ના... પ્રયત્ન તો કરવો જ જોઇએ.'

(અનુસંધાન પાના નં. ૭ પર)